Virtual Schools

જાન્યુઆરી **2021**

**TDSB વર્ચ્યુઅલ પ્રાથમિક શાળા પારિવારિક સમાચારપત્ર**

પ્રાથમિક વર્ચ્યુઅલ શાળાના તમામ પરિવારોને નવા વર્ષની શુભકામનાઓ!

જ્યારે આ વર્ષની એક પડકારજનક શરૂઆત થઈ છે, ત્યારે અમે આશા રાખીએ છીએ કે તમામ વિદ્યાર્થીઓ અને પરિવારો વર્તમાન સંજોગોમાં પોતાની દેખભાળ સારી રીતે કરી રહ્યા હશે.
અમે વર્ગખંડોમાં બનતી ઉત્તમ બાબતો વિશે જાણવાનું ચાલુ રાખીએ છીએ અને વિદ્યાર્થીઓ ચીવટ સાથે પ્રયાસ કરે રાખે છે તેનાથી પ્રભાવિત થઈએ છીએ. જ્યારે આપણે સાથે મળીને ઓનલાઇન શિક્ષણના પર્યાવરણમાં ટેવાતા જવાનું ચાલુ રાખ્યું છે, ત્યારે તમામ પ્રાથમિક વર્ચ્યુઅલ શાળાના કર્મચારીઓ વતી અમે તમારી નિરંતર ભાગીદારી માટે માતાપિતા/વાલીઓનો આભાર માનીએ છીએ.
વધુ માહિતી અને અદ્યતન વિગતો માટે કૃપા કરીને
www.tdsb.on.ca/virtualschool

ની મુલાકાત કરો અને ટવીટર પર @tdsbvs ને અનુસરો.

## માનસિક આરોગ્ય અને સુખાકારી: શાંતિની પ્રાપ્તિ

આપણા રોજિંદા જીવનમાં શાંતિ મેળવવી પડકારજનક હોઈ શકે છે, ખાસ કરીને જ્યારે આપણે વર્ચ્યુઅલ શિક્ષણમાં ભાગ લેવા એટલા બધા ઓનલાઇન રહેતા હોઇએ છીએ ત્યારે. સ્વસ્થતા એ તમારી જાતની સંભાળ લેવાનો એક મહત્વપૂર્ણ ભાગ છે- પોતાને માટે થોડો સમય કાઢવાથી આપણા મનની એકાગ્રતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અને આપણી શક્તિને પુનઃસ્થાપિત કરવામાં મદદ મળે છે.

તમારા દિવસ દરમિયાન સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે School Mental Health Ontario માંથી આ રહ્યા કેટલાક વિચારો.

જો તમારી પાસે **એક મિનિટ** હોય તો:
**જમીન સાથે જોડાવ**. થોભો. તમારા પગને તમારા પગરખાંમાં અનુભવો. જો બેઠા હોવ, તો તમારા પગ વડે ફ્લોરને ધીમેથી દબાવો.

**યાદ કરો.** કોઇક એવું કોણ છે જે તમને સ્મિત કરાવે છે? તેમને એક કે બે ક્ષણ માટે મનમાં લાવો.

તમારી પાસે **પાંચ મિનિટ** હોય તો:
**આભાર માનો.** તમારા એક મિત્રને ટેક્સ્ટ મેસેજ કરો અને તેમણે તમારા માટે કશુંક કર્યું હોય તે માટે તેમનો આભાર માનો.

**સાંભળો.** એવું કોઇ પ્રિય ગીત છે જે તમે આરામ કરવા માટે સાંભળો છો? તરત વગાડો!

**વર્તમાનમાં રહો.** જાગ્રત અવસ્થા/ધ્યાન અંગેનું ઓનલાઇન નિઃશુલ્ક માર્ગદર્શન શોધી કાઢો. તમને અનુકૂળ એવી પદ્ધતિ શોધો.

**વ્યવસ્થિત કરો.** તમારા ટાઇમરને 5 મિનિટ માટે સેટ કરો અને તમારા કાર્યસ્થળને વ્યવસ્થિત કરવા માટે વિરામ લો.

તમારી પાસે 10 **મિનિટ** હોય તો:

**નોંધપોથી.** 10 એવી બાબતો લખો જેના માટે તમે આભારી હોવ.

**ઘૂંટ. સ્વાદ-સુગંધ.** તમારી પ્રિય ચા અથવા અન્ય પીણાનો એક કપ તૈયાર કરો અને મજાથી માણો.

**ચાલવા જાવ.** મકાનની આજુબાજુ લટાર મારી આવો.

Virtual Schools

જાન્યુઆરી 2021

**નૃત્ય.** જે ગીતથી તમને નાચવાનું મન થતું હોય એ તૈયાર રાખો. તે તરત વગાડો. ફરી વગાડો.

તમારી પાસે **30 મિનિટ કે વધારે** હોય તો:
**એકાદ મિત્રને ફોન કરો.** તેમના ખબર અંતર પૂછો. તમારા વિચારો અને અનુભવો શેર કરો.

**કસરત કરો.** ચાલો, દોડો, વજન ઉંચકો. પસંદગી તમારી.

**આળસ ખંખેરો.** નિઃશુલ્ક યોગ શોધો [free yoga class online].

**હસો.** રમૂજી ફિલ્મ, શો અથવા યુ ટ્યુબ વીડિયો જુઓ.

તમારા માનસિક આરોગ્ય અને સુખાકારીને સમર્થન કરે એવાં અન્ય સંસાધનો ચકાસો [resources to support your mental health and well-being].

## TDSB ઓનલાઇન શિક્ષણ: ગૂગલ મીટ અને ઝુમની સલામતી સુવિધાઓ

TDSB ખાતે વિદ્યાર્થીઓની સલામતી એ એક પ્રાથમિકતા છે અને ભાગ લેતી વખતે તમામ ઓનલાઇન શિક્ષણનાં સત્રોની સુરક્ષા અને વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા અમે બધું જ કરી રહ્યા છીએ.

TDSBના તમામ શિક્ષકો, આચાર્યો અને ઉપ-આચાર્યો ગૂગલ મીટ અથવા ઝૂમ વેબ કોન્ફરન્સિંગ સાધનોનો ઉપયોગ કરતી વખતે લેવાનાં જરૂરી પગલાંથી વાકેફ હોય છે અને અનિચ્છનીય વ્યક્તિઓને વર્ગ બેઠકોમાં પ્રવેશતા અટકાવવા માટે નીચેનાં સુરક્ષા પગલાં અમલમાં મૂકશે:

- **ગૂગલ મીટ**: યજમાન/શિક્ષક TDSB સિવાયના લોકોને મીટિંગમાં પ્રવેશવાથી નિષ્ક્રિય કરી શકે છે. જો જરૂરી હોય તો, તેઓ સહભાગીઓ માટે સ્ક્રિન શૅરિંગ અને ચૅટને પણ નિષ્ક્રિય કરી શકે છે.
- **ઝૂમ**: યજમાન / શિક્ષક પ્રતીક્ષા ખંડને સક્ષમ કરી શકે છે અને TDSB સિવાયના લોકોને મીટિંગમાં પ્રવેશતા અટકાવી શકે છે. મીટિંગમાં જ ઘણાં સુરક્ષા નિયંત્રણો (દા.ત. મૌન કરી દેવા, સહભાગીઓને દૂર કરવા વગેરે) પણ ઉપલબ્ધ હોય છે.

જો કોઈ શિક્ષક અને/અથવા વર્ગ ગૂગલ મીટ અથવા ઝૂમ સત્ર દરમિયાન કોઈ સુરક્ષા સમસ્યાનો અનુભવ કરે, તો આચાર્ય અને આઇટી સેવાઓને તરત જ સૂચિત કરવામાં આવે છે જેથી એ મુદ્દાની તપાસ થઈ શકે અને ટેકો પૂરો પાડી શકાય. ઓનલાઇન શિક્ષણના આ સમયમાં, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા આપણે સૌએ ચીવટ રાખવી જોઈએ અને સાથે કામ કરવાનું ચાલુ રાખવું જોઈએ.

## હાજરી અને સલામત આગમન

યાદ અપાવી દઇએ કે, વિદ્યાર્થીઓની હાજરીનું ધ્યાન રાખવાને ટેકો આપવા માટેના સ્વચાલિત દૈનિક કૉલ-આઉટ્સનું અમલીકરણ મુલતવી રાખવામાં આવ્યું છે.

ઓન્ટારિઓમાં હાલની કટોકટીની ઘોષણાના પ્રકાશમાં, દરેક વ્યક્તિ જીવન, કામ, દૂરસ્થ શિક્ષણ, બાળસંભાળ અને અસંખ્ય અન્ય બાબતોમાં સંતુલન રાખવા માટે કામ કરી રહ્યા હોય તેવા સમયમાં અમે કુટુંબો માટે વધુ માનસિક તણાવ પેદા કરવા માંગતા નથી. તમામ શિક્ષકો દરરોજ બે વાર હાજરી લેવાનું ચાલુ રાખે છે. એકવાર પ્રારંભની તારીખની પુષ્ટિ થઈ જશે તે પછી વધુ માહિતી શૅર કરવામાં આવશે.

## વર્ચ્યુઅલ શાળાઓના કર્મચારીઓની નિર્દેશિકાઓ

વર્ચ્યુઅલ શાળાની વહીવટી ટીમની ડિરેક્ટરીઝ ઓનલાઇન ઉપલબ્ધ છે અને તે સતત અદ્યતન કરવામાં આવે છે. આ જાન્યુઆરીમાં સંખ્યાબંધ નવા કર્મચારીઓનું ટીમમાં સ્વાગત કરવામાં આવ્યું છે. નવીનતમ નિર્દેશિકાઓ માટે કૃપા કરીને નીચે શૅર કરેલી લિંક્સનો સંદર્ભ લેવાનું ચાલુ રાખો. દરેક લર્નિંગ સેન્ટરમાં પ્રાથમિક  વાઇસ-પ્રિન્સિપલ અને પ્રિન્સિપલ્સ ગ્રેડ પ્રમાણે નિયુક્ત કરવામાં આવ્યા છે.

Learning Centre 1 Virtual Elementary School
Learning Centre 2 Virtual Elementary School
Learning Centre 3 Virtual Elementary School
Learning Centre 4 Virtual ElementarySchool

## સ્મૃતિપત્ર: વર્ચ્યુઅલ શાળાની આચાર સંહિતા

જ્યારે વર્ચુઅલ શિક્ષણ ઘરે જ થઈ રહ્યું છે, ત્યારે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલીઓને એ જ જવાબદારીઓ અને અપેક્ષાઓ લાગુ પડે છે, જે રૂબરૂમાં શિક્ષણ માટે હોય છે. આમાં TDSB Online Code of Conduct જેવી બોર્ડની વર્તમાન નીતિઓ અને કાર્યપ્રણાલીઓ સામેલ છે.

કૃપા કરીને TDSB Virtual Schools Code of Conductની પણ સમીક્ષા કરો, જે શાળાઓ/શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલીઓ માટે માર્ગદર્શિકાઓ અને અપેક્ષાઓ પૂરી પાડે છે.

## જાન્યુઆરી એટલે તમિળ વિરાસત માસ

'તમિળ વિરાસત માસ'ને રાષ્ટ્રીય સ્તરે ઓક્ટોબર 2016થી, પ્રાંતીય રીતે માર્ચ 2004થી અને TDSB દ્વારા જાન્યુઆરી 2016થી માન્યતા પ્રાપ્ત થયેલ છે. જાન્યુઆરી મહિનો પસંદ કરવામાં આવ્યો કારણ કે તે થાઇ પોંગલ લણણી ઉત્સવ, તામિલ વારસાના કેનેડિયન લોકો માટેની સૌથી મહત્વપૂર્ણ ઉજવણી સાથે એકરુપ છે. વિશ્વના લાખો તમિળ લોકો પોતાનો ધર્મ કોઇપણ હોય, 'થાઇ પોંગલ' ઉજવે છે અને મબલખ પાક માટે આભાર માને છે.

આ વર્ષે, સ્વયંસેવક આયોજન સમિતિ દ્વારા પસંદ કરેલ વિષય વસ્તુ **உண்மை - உரிமை - ஒற்றுமை: સત્ય - અધિકારો - એકતા** છે. ઉન્મઇ (**உண்மை**) એ માન્યતા આપે છે કે આપણા જીવાઇ ગયેલા અનુભવો આપણાં સત્યો છે અને આ સત્યો આપણી આસપાસની દુનિયાની આપણી સમજણને આકાર આપે છે. વધુ જાણો. Learn more

Virtual Schools

જાન્યુઆરી **2021**

## 2021-22 માટે વૈકલ્પિક હાજરી

આ મહિનાની શરૂઆતમાં, વર્તમાન પ્રાંતીય રાજ્યના કટોકટીભર્યા સંજોગોના અવરોધો હેઠળ વૈકલ્પિક હાજરી Optional Attendance માટે કેવી રીતે અરજી કરવી તે અંગે સ્પષ્ટતા આપવા પરિવારોને એક ઇમેઇલ સંદેશ મોકલવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં અમારી ગોઠવણો એ સુનિશ્ચિત કરશે કે તમામ વિદ્યાર્થીઓ/પરિવારો કે જેઓ 2021-2022 શાળા વર્ષ માટે બીજી શાળા અથવા કાર્યક્રમ માટે અરજી કરવા માંગતા હશે, તેઓ તેમ કરી શકશે. વધુ વાંચો Read More

## કિન્ડરગાર્ટન નોંધણી

ફેબ્રુઆરી એ TDSB ખાતે કિન્ડરગાર્ટન નોંધણી મહિનો છે! વધુ માહિતી માટે અને આ વર્ષે નોંધણીના વિકલ્પો વિશે જાણવા માટે, કૃપા કરીને www.tdsb.on.ca/kindergartenની મુલાકાત લો

## વર્ચ્યુઅલ શાળા સમાચારમાં

TDSB પ્રાથમિક વર્ચ્યુઅલ શાળા વિશે કેટલાક રોચક અહેવાલો જુઓ:

- CTV: Front-line workers join Grade 1 virtual class
- CTV News at 6
- CBC Metro Morning: Virtual gym class gets creative

## તકનિકી મુદ્દાઓ

વર્ચ્યુઅલ શિક્ષણની આઇટી મદદ સુધી પહોંચવા માટે, મુલાકાત કરો: www.tdsb.on.ca/In-Person-Learning/Student-Virtual-Learning-IT-Support

## નિરંતર ચાલતું વ્યાવસાયિક શિક્ષણ

શિક્ષકો ચાર વર્ચ્યુઅલ સ્કૂલ લર્નિંગ સેન્ટર્સમાં નીચે આપેલાં ઉદાહરણો સહિતના વ્યાવસાયિક શિક્ષણની તકોમાં ભાગ લેવાનું ચાલુ રાખે છે:

- સતત વ્યક્તિગત માર્ગદર્શન-પરામર્શ
- પ્રારંભિક વાંચન દરમિયાનગીરી તાલીમ
- સમાવેશ માટે વાંચન
- સહાયક તકનીક
- મૂળભૂત ફ્રેન્ચમાં નિષ્પક્ષતા અને સમાવેશકતા
- ફ્રેન્ચ ઇમર્સનમાં નવાં સાક્ષરતા સંસાધનો
- આર્ટ્સ કાર્યશાળાઓ
- કિશોર આરોગ્ય અને સુખાકારી
- પ્રારંભિકો માટે કોડિંગ
- અને ઘણું બધું!